# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૮૯ • તા.૨૩ ડિસેમ્બર થી ૨૯ ડિસેમ્બર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






shantijin
प्रसन्नता...सर्वदा

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ

આયોજિત

# ૩૧મો સમૂહ લગ્નોત્સવ ૨૦૨૩ સાંધવ નગરે

**શુભદિન : શનિવાર તા. ૧૬-૧૨-૨૦૨૩**





**સમૂહ લગ્નોત્સવના દાતાશ્રી**
**માતુશ્રી જીઠીબાઈ કેશવજી ધરમશી (ગામ: સુથરી - લોકાપુર)**
**હસ્તે અ.સૌ. કલ્પનાબેન તેજકુમાર ધરમશી**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com
E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પ્રાર્થના એટલે પ્રભુને પામવાનો દ્વાર

અનુભવીઓ કહે છે કે દવા કરતાં દુઆની અસર ઝડપી અને અકસીર રહે છે દુઆ એટલે કોઈકના મળેલા આપણને આશીર્વાદ. જે આપણી આકસ્મિક આપદામાં આપણને અદ્રશ્ય રીતે સહાયભૂત બની રહે છે. કોઈક અજાણ્યાને આપણે મદદ કરી હોય, સહાયભૂત થયા હોઈએ કે અન્ય રીતે તેની વિપદામાં તેનો હાથ પકડ્યો. સાથ આપ્યો હોય ત્યારે એના અંતરના ઊંડેથી જ આશીષ ઝરે એનું નામ છે દુઆ. દુઆ મળવી એ અલભ્ય, અલૌકિક અને અકસીર ઔષધ છે જે અદ્રશ્ય છે છતાં ઉપયોગી છે. રામબાણ જેવી ઉપયોગી છે. કોઈકે આપણને આશીર્વાદ આપે ત્યારે તેના નિર્દોષ નિસ્વાર્થ મનમાંથી જે પ્રાર્થના નીકળે છે એ આપણા માટેની દુઆ છે. આ દુઆ આપણા જીવનમાં એવા ચમત્કાર સર્જે છે જેનો આપણે ને અંદાજો નથી હોતો. ધોમધખતા તાપમાં શીળો છાંયડો પામી જેવી શાતા થાય, જેમ બળબળતા રણમાં ઝાંઝવાના જળની ઝંખનામાં ભટકાતા શીતજલ મળે ને જેવી તૃપ્તિ થાય એવો હાશકારો પામેલ વ્યક્તિના અંતરમનથી નીકળેલ આશીષ આપણા માટે તેણે કરેલ પ્રાર્થના છે. આ ઈતર વ્યક્તિના મન ઊંડાણમાંથી આપણી માટે નીકળેલ શબ્દોની બારાખડી એટલે જ બંદગી છે જે જરૂર કબૂલ થાય છે.

એવું મનાય છે કે બહુ સિદ્ધિ પામેલી વ્યક્તિઓ આપણને આશીર્વાદ આપે છે ત્યારે તેના આશીર્વાદ જરૂર ફળે છે. આપણા સાધુ સાધ્વીજી મહારાજ સાહેબો, નિત પ્રભૂભક્તિમાં લીન રહેતા સંતો, મહંતો, મહાપુરૂષો ને ઓલિયાઓ નિસ્વાર્થ, નિષ્પાપ ભાવે આપણા સુખની કામના કરે ત્યારે તેના બદલામાં કશું યાચતા નથી કે ઈચ્છા રાખતા નથી. આ નિસ્વાર્થ લાગણીથી ઝરતા ભાવ ઝરણાં આપણા માટે અખૂટ દરિયો આપે છે. આ ભાવ ફળે છે તેની પાછળ તેમની નિઃસ્વાર્થ ભાવના છે. સર્વ જન હિતાય સર્વ જન સુખાય ની લાગણી છે.

જીવન વ્યવહારમાં રાગ, દ્વેષ, પ્રપંચ, કાવાદાવા ઈર્ષા, અદેખાઈ, લોભ, છળ કપટના આટાપાટા રહેવાના જ પણ એનાથી ઉપર અને પવિત્ર જો કોઈ હોય તો એ છે દુઆ. જ્યારે કોઈની દુઆ વગર માંગેલી મળે છે ત્યારે એની સામે ઉપર લખેલા વિકાર કે કટુ ભાવ હાવી થઈ શકતા નથી. એનું કારણ છે સત્ય સામે અસત્ય અને સારી ભાવના વિરૂધ ખરાબ ભાવના હારી જાય છે.

કોઈની સારપ પામવા માટે, કોઈની દુઆ એમની એમ મળતી નથી. એ મેળવવા આપણે મદદનો નિઃસ્વાર્થ સહાયનો હાથ લંબાવવો પડે છે. દરેક વખતે માત્ર પૈસા વહેચવાથી કે આંશિક સહાય આપવાથી દુઆ મળે એવું નથી. કોઈના દુઃખમાં હેતની લાગણી, હૂંફની ભાવના ને તેની મુશ્કેલીમાં શબ્દો દ્વારા પ્રોત્સાહન આપીએ, હતાશામાં તેનો ઉત્સાહ વધારીએ અને તેની હારેલી હિંમતને નવું ચેતન આપીએ. પગમાં જોર અને બાવડામાં તાકત જગાવીએ તો પણ ઘણું છે. તેનામાં આશા, ઉમ્મીદ અને આશાનો સંચાર પ્રગટે તો પણ આપણે ઘણી મદદ કરી કહેવાય. આવા કપરા સમયમાં તેને મળેલો હાશકારો તેના મનમાં આપણા માટે દુઆ નિર્માણ કરે છે. જે તેણે આપણા માટે પ્રભુ સમક્ષ કરેલી પ્રાર્થના છે. જેનો પરમાત્મા જરૂર સ્વીકાર કરે છે. આમ આ પવિત્ર દુઆ આપણી માટેની પ્રાર્થના છે જે આપણને પ્રભુને દ્વારે પહોંચાડે છે.

– જ્ઞાતિમૈયા

# હવે પાં કચ્છડે હલો

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજે પ્રવાસ પર્યટન માટે નિત નવા સ્થાનો ખૂલ્લી ગયાં છે. અઢળક સગવડો મળતી થઈ છે જેને લીધે સામાન્ય પરિવારના લોકો પણ પોતાના બજેટના હિસાબે હરી ફરી શકે છે. શહેરની આજની ધમાલિયા જીંદગીમાં વહેલી સવારથી મોડી રાત સુધી રોજગાર માટે હડિયાપટીમાં વર્ષના અમુક દિવસો હરવા ફરવા માટે કે તીર્થધામ દર્શન કરવાના બહાને બહારગામ જતા થયા છે. માસિક ઘર ખર્ચમાં કરકસર કરી ચારથી છ દિવસ કે એથી વધુ દિવસો સપરિવાર સાથે સહેલ મોજ કરવી આજે પ્રથા થઈ ગઈ છે.

સરકારી નોકરિયાત, લિમિટેડ કંપનીમાં કામ કરતા લોકો વીક એન્ડના દિવસો સાથે અન્ય એક બે રજાના દિવસો આવે એટલે હોલિડે ટ્રીપ માટે નીકળી પડે. પણ મધ્યમ વર્ગ પરિવારને નોકરીમાં રજા મળે. સંતાનોને સ્કૂલમાં છુટી હોય એ સંજોગો સાચવીને ટ્રીપ પ્લાન કરવી પડે તેમાં પોતાનો વ્હીકલ તો હોય નહીં એટલે ચાર મહિના અગાઉ રીઝર્વેશન માટે માથાકૂટ કરી પ્લાન ઘડવો પડે.

ખમતીધર લોકો માટે વિદેશ પ્રવાસ જાય એ સહજ છે. આ તેમને પરવડે, તેમના સ્ટેટસને અનુરૂપ પણ છે. પણ સામાન્ય જણને પ્રવાસ માટે બજેટ બનાવવું પડે છે. આજે આપણને એ વાત ધ્યાન રાખવી જોઈએ કે વિદેશની ધરતી ખૂંદતા પહેલાં આ વિશાળ દેશના વિવિધ રાજ્યોની વૈવિધતા તેની સંસ્કૃતિ, તેની પ્રકૃતિને જાણવી જોઈએ. જે તે રાજ્ય કે પ્રદેશ વિસ્તારની સંસ્કૃતિ ભૌગોલિક રચના રહેણી કહેણી ભાષા, પહેરવેશ એક આગવી ઓળખ હોય છે. દરેક પ્રાંતની વૈવિધ્યતા અલગ અલગ હોય છે. એને નજીકથી જાણવી, જોવી જોઈએ.

તે સાથે સૌથી પહેલી પ્રાથમિકતા આપણા માદરે વતન કચ્છની વિશિષ્ટતા ખાસિયતની જાણકારી લેવી જરૂરી છે. સૌને કચ્છી અંઈયો કહીએ પણ કચ્છ વિષે જ્ઞાન કે સમજ શૂન્ય હોય તો તેનો કંઈ અર્થ નથી. ગુજરાત જ નહીં દેશનો સૌથી વિશાળ જિલ્લો કચ્છ આપણું માદરે વતન છે. કચ્છમાં એક સમયે બેરોજગારી, ગરીબી, જેવી સમસ્યાઓ, દુકાળ, પૂર, વાવોઝાડા, ભૂકંપ જેવી કુદરતી આપદાઓ સામે કચ્છી પ્રજા અડીખમપણે ઝઝૂમતી આવી છે. ૨૦૦૧ના મહાપ્રલયકારી ભૂકંપ પછી સરકારની સીધી દેખરેખ હેઠળ વિવિધ ઈન્ડસ્ટ્રીઝ કચ્છમાં પગ પ્રસરાવ્યા છે. જેને કારણે રોજગારીમાં વધારો થયો છે. ઉપરાંત પ્રવાસન ક્ષેત્રોનો વિકાસ થવાથી કચ્છની ઓળખ વિશ્વ સ્તરે પ્રસ્થાપિત થઈ છે.

કચ્છભૂમિ સંતો-મહંતો સતીઓની ભૂમિ છે. અઢળક તીર્થસ્થાનો મહેલો, કિલ્લાઓ, પાળિયાઓ વિગેરેની ગાથા કચ્છના સમૃધ્ધ ઈતિહાસ અને વિરાસતની પ્રતીતિ કરાવે છે. અબડાસાનો તેરા ગામ હેરિટેજ વિલેજની ઓળખ ધરાવે છે. તો હાલમાં જ ધોરડો ગામને વિશ્વના શ્રેષ્ઠ પ્રવાસન ગામ તરીકેનું સન્માન મળ્યું છે. સફેદ રણની મોહિની તો સમગ્ર વિશ્વને લાગી છે. દર વર્ષે શિયાળામાં રણોત્સવને માણવા લાખો પ્રવાસીઓ કચ્છ આવે છે અને કચ્છની સંસ્કૃતિ અને ભૌગોલિક ખાસિયતથી અભિભૂત થઈ જાય છે. કાળિયા ધ્રો એટલે એકાંત અને પ્રકૃત્તિનું નિતાંત સાંનિધ્ય આપે છે. જિલ્લામાં વિવિધ ગામોનાં મેળાઓ સ્થાનિક સંસ્કૃતિની પીછાણ કરાવે છે. વિવિધતામાં એકતા એ કચ્છની આગવી ઓળખ છે. કચ્છી પ્રજામાં ખંત, ખાંખત અને ખમીર ભારો ભાર જોવા મળે છે એટલે હાલના બિપોરજોય વાવાઝોડા, કંડલામાં થયેલ વાવાઝોડા અને ભૂકંપની તબાહી છતાં કચ્છ પાછું બેઠું થયું. એટલું જ નહીં દોડતું થયું અફાટ દરિયા, અનિયમિત અને ઓછો વરસાદ છતાં ખેતી અને પશુપાલન વ્યવસાયને ટકાવી વિવિધ પ્રયોગો કરવામાં અહીંના ખેડૂતો અને માલધારીઓ આગવી ઓળખ ધરાવે છે. ખાણીપીણીની અઢળક વાનગીઓ સર્વત્ર પ્રસિદ્ધ છે. એટલે તક મળે ત્યારે કચ્છ જઈ તેને જાણીએ માણીએ પછી અન્યત્ર ફરીએ.

# ARIHANT BANK

ACBL Estd. 1984

SHRI ARIHANT CO-OP. BANK LTD.

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| | | | | |
|---|---|---|---|---|
| HOME LOAN *7.99% (p.a.) | 2 WHEELER LOAN *7.99% (p.a.) | CAR LOAN *7.99% (p.a.) | PRE OWNED CAR LOAN *9.49% (p.a.) | eAUTO LOAN *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.) | PRE OWNED CV LOAN *9.99% (p.a.) | EDUCATION LOAN *8.49% (p.a.) | TRADE LOAN *8.49% (p.a.) | LOAN AGAINST PROPERTY *9.49% (p.a.) |
| MORTGAGE LOAN *7.99% (p.a.) | COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.) | LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.) | GOLD LOAN *7.99% (p.a.) | MACHINES LOAN *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score. Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ

## સમસ્ત જૈન સમાજના-સમુહ લગ્નોત્સવ ૨૦૨૩

**સમુહલગ્નના મુખ્ય દાતાશ્રી**

માતુશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી હસ્તે અ.સૌ. કલ્પનાબેન તેજકુમાર ધરમશી (સુથરી-લોકાપુર)

**કન્યાદાનના મુખ્ય દાતાશ્રી**

માતુશ્રી તારાબેન રાયચંદ ધનજી દંડ હસ્તે કુ. કવિતા રાયચંદ દંડ (પરજાઉ- અમદાવાદ), શ્રીમતી નવલબેન ભાણજી માણેક પાસડ (શેરડી-મુલુંડ) હ. જયશ્રી મહેન્દ્ર પાસડ અને પ્રીતી પ્રફુલ પાસડ

**કન્યાદાનના સહયોગી દાતાશ્રીઓશ્રી**

સંઘમાતા શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન (કોઠારા-મુલુંડ), ચિ. પ્રિયાંશી, પ્રીશા, દેવાંશી, દિશા, દેવ લોડાયા પરિવાર (સાંધવ-મુલુંડ), માતુશ્રી હંસાબેન હિરાચંદ અરજણ પટેલ (બાંડિયા- ઐરોલી), માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ (સાંધવ-મુલુંડ), માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા (નલિયા-મુલુંડ), અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા (સાંધવ-ઘાટકોપર), માતુશ્રી રતનબેન કાંતીલાલ મોતા (ટિકીટાર) (રાયધણજર-મુલુંડ), માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ-મોમાયા પરિવાર (સાંયરા-મુલુંડ), શ્રી ગુલાબચંદ ત્રિકમજી નાગડા (રંગપુર-મુલુંડ), માતુશ્રી સોનલબેન કુલીનકાંત નાગડા (સાંધાણ-મુલુંડ)

**કન્યાદાનના સહ-સહયોગી દાતાશ્રીઓ**

શ્રી ગુલાબ ધનજી દંડ (પરજાઉ-અમદાવાદ), શ્રી શામજી નરશી દંડ (સાંધવ-મુલુંડ), મે. એક્ઝિમ ટ્રાન્સટ્રેડ (ઈ) પ્રા. લિ., શ્રી વિરેંદ્ર રાઘવજી લોડાયા (બાંડિયા- અમદાવાદ), અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના (આરીખાણા-અમદાવાદ), એક સદગૃહસ્થ પરિવાર (કચ્છ-મુંબઈ), અ.સૌ.હીનાબેન જીતેન્દ્ર લોડાયા હ.જીયાંશ આદિત્ય લોડાયા, વરાડીયા-મુલુંડ.

**આભાર**

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, સાંધવ, સમુહ લગ્નોત્સવના દાતાશ્રીઓ, કન્યાદાનના દાતાશ્રીઓ, અતિથીઓ, આમંત્રીતો, જ્ઞાતિજનો, શ્રી અનંતનાથ મહારાજ જૈન ટ્રસ્ટ, મુંબઈ, મેહુલ પ્રિન્ટર્સ (ભરત જીવાણી) જખૌ-ડોંબિવલી, શ્રી મિલન ધરમશી (Belgium Cut Diamonds)ઘાટકોપર, મે. નિમેષ કુરીયર્સ-મુંબઈ, મે. મહારાજ ટ્રાન્સપોર્ટ, મુંબઈ-કચ્છ, શ્રી હુસેનભાઈ હિંગોરા-કોઠારા, શ્યામ ગઢવી-કોટાયા, શ્રી ધનંજય મૈશેરી-અમદાવાદ, શ્રી કનૈયા મહારાજ -રાજસ્થાન, શ્રી પ્રબોધ હિરાચંદ મુનવર (સવાણી ટ્રાન્સપોર્ટ પ્રા. લિ. ભૂજ), શ્રી સંદીપ લોડાયા (સ્ટીચ એલ ટેલર-મુલુંડ), મે. પોમલ સ્ટુડીઓ-શ્રી અશોકભાઈ, મે. લગ્નદીપ સાડી સ્ટુડિઓ, વાંકુ-મુલુંડ, મે. મિનાક્ષી સાડી મુલુંડ, શ્રી પંકજ શામજી ડાઘા-સાંધવ, શા. મણિકાંત ખીમજી ગાલા, મસ્જિદ બંદર, ભાવના મુકેશ મોતા-નલિયા, બુટીશયન જીગના મોતા-નલિયા, દિપેશ પ્રબોધ મુનવર-ભુજ.

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ ભુરી ભુરી અનુમોદના કરે છે.**

**સર્વે નવયુગલોને શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ તરફથી સુખમય લગ્ન જીવન માટેની હાર્દિક શુભેચ્છાઓ**

**ચિ.અસ્મિતા શા.મહેન્દ્ર શામજી ડાઘા વરાડીયા-કોઠારાવાલાની સુપુત્રી**
**ચિ.મિહિર શા.સોમચંદ ભાણજી મૈશેરી બાંડીયા-અમદાવાદવાલાના સુપુત્ર**

**ચિ. કાજલ શા.દિપક લક્ષ્મીચંદ ખોના મોટીખાવડીવાલાની સુપુત્રી**
**ચિ. ભાવેશ શા. પંકજ રામજી દંડ રોવકભરૂડીયા-ચિત્રોડગઢવાલાના સુપુત્ર**

**ચિ. નેહા શ્રી રાજુ ઓમપ્રકાશ મહાજન હુબલીવાલાની સુપુત્રી**
**ચિ. સૌરભ શા.ગુલાબ મેઘજી લોડાયા સાંયરા-હુબલીવાલાના સુપુત્ર**

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા કચ્છનાં સાંધવ ગામે ૩૧મો સમૂહલગ્નોત્સવ યોજાયો

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સમાજનો ૩૧મો સમૂહલગ્નોત્સવ સાંધવ-કચ્છ મધ્યે યોજાયો હતો. જેમાં ૩ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા.

સવારના ૬.૩૦ કલાકે જાનૈયા માનૈયાઓનું સ્વાગત વર તથા કન્યાઓ એકજ ડ્રેસ કોડમાં શાંતિનાથદાદાની પક્ષાલ પૂજા-પાઠ કરેલ. સવારના ૭.૩૦ કલાકે નવકારશી ગ્રુપની બહેનો દ્વારા લગ્ન ગીતો ગવાઈ રહ્યા હતા.

સમૂહ લગ્નના મુખ્ય દાતાશ્રીનો લાભ **માતુશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી સુથરી હાલે લોકાપુર હસ્તે અ.સૌ. કલ્પનાબેન તેજકુમાર ધરમશી પરિવારે** લીધેલ. જયારે કન્યાદાનનો લાભ **તારાબેન રાયચંદ ધનજી દંડ હસ્તે કવિતાબેન દંડ (પરજાઉ), શ્રીમતિ નવલબેન ભાણજી પાસડ-શેરડી હાલે મુલુંડ હસ્તે જયશ્રીબેન મહેન્દ્ર પાસડ અને પ્રીતિબેન પ્રફુલ્લ પાસડ પરિવારે** જયારે કન્યાદાનનાં સહયોગી દાતાશ્રીનો લાભ વિવિધ દાતાશ્રી પરિવારોએ લીધો હતો. કન્યાદાન એ મહાદાન સાબિત કરતા પ્રદર્શનનું ઉદઘાટન શ્રી જયેશભાઈ જૈન, વિરેન્દ્ર લોડાયા, અરવિંદ લોડાયા, વિપુલ પટેલ, દર્શક મૈશેરી, પ્રવિણભાઈ લોડાયા, ચંદ્રેશ વી. લોડાયા, મિલન ધરમશી, પ્રબોધ મુનવરએ વાજતે-ગાજતે કર્યું હતું.

કન્યાદાનમાં વિવિધ દાતા પરિવારો તરફથી કન્યાદાન કરવામાં આવેલ ૨૫૦ આઈટમો સાચા હિરાના કાનફલ, રોઝ, શરી, સોનાની ચેન અને પેંડલ, વીંટી જમાઈરાજ માટે, પેંડલ,૧૧ આઈટમ ચાંદીની ચણીયાચોલી પાનેતર, ખોંભાનો છાલ, મોચી વર્ક સાડી, ૧૧ જોડી કપડાંની, ઈમીટેશન સેટ, કુંદન સેટ, સ્ટીલના વાસણો, અન્ય મળીને ૨૫૦ આઈટમોનું કન્યાદાન કરવામાં આવેલ.

પ.પૂ.આ.ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.એ માંગલિક શ્રવણ કરાવેલ. સવારે ૯.૩૦ કલાકે વર-કન્યા સાથે પધારેલા જાનૈયા-માનૈયાનું ઢોલ-શરણાઈનાં સૂરો વચ્ચે સ્વાગત કરી મીઠડો આવકાર આપવામાં આવેલ. વર-કન્યાઓએ શાંતિનાથ દાદા તથા વાછરાદાદાનાં દર્શન કર્યા હતા. પૂ.ગુરૂભગવંતોને વંદન કર્યા હતા.

બેન્ડપાર્ટી સાથે વરરાજાઓનો વરઘોડો વાજતે-ગાજતે નીકળ્યો હતો. વરઘોડામાં વરરાજાઓ ઘોડા ઉપર બેસી જાનૈયા-માનૈયાઓ સાથે સાંધવ ગામનાં મુખ્ય માર્ગ ઉપરથી પસાર થયા હતા. માંડવે પહોંચતાં લગ્નીયા વધારવાની વિધિ કરવામાં આવેલ.

કન્યાઓને ગ્રુપ તરફથી પસ ભરાવવામાં આવેલ. વરરાજાઓ તોરણે પધારેલ પોંખવાની વિધિ કરવામાં આવેલ. ત્રણ ત્રણ શણગારેલી ચોરીઓ મંડપ ડેકોરેશન ઈન્દ્રાસન લાગતું હતું. જાનૈયા માનૈયાઓ પોતપોતાના લગ્ન માણી રહયા હતા.

કિશોર સાંગાર એન્ડ પાર્ટી લગ્નના ગીતોથી મંડપ ગાજી રહયું હતું. ૧) વરરાજા અમદાવાદ કન્યા કોઠારા, ૨) વરરાજા ચિતોડગઢ કન્યા મોટી ખાવડી ૩) વરરાજા હુબલી કન્યા હુબલી. ટોટલ ૮૫૦ જણાંની સંખ્યામાં પધારેલ.

પહેલા ફેરામાં ગ્રુપના ભાઈઓ તરફથી ગાયનું દાન કરવામાં આવેલ. એક કન્યા અનાથ હોવાથી ગ્રુપના ભાઈ-બહેનોએ ભાઈ, મામા અને માતા-પિતાનો ફેરો આપેલ.

શાસ્ત્રોક્ત વિધિ-વિધાન માટે લાલો મારાજ અને હિતેશ મારાજ વારાપધ્ધરથી પધારેલ.

સત્કાર અને અભિવાદન સમારોહનું મુખ્યમહેમાન પદ અબડાસા તાલુકા પંચાયત પ્રમુખ મહાવીરસિંહ જાડેજાએ જયારે અતિથિવિશેષ પદ સાંધવ ક.દ.ઓ. મહાજન અધ્યક્ષ શ્રી શામજીભાઈ નરશીં દંડ, કચ્છ એકમનાં મંત્રી લહેરચંદભાઈ ખોના, અબડાસા ભાજપ મંત્રી અરવિંદ લોડાયા, મહેશ ભાનુશાલી, જયદીપસિંહ જાડેજા, વાડીલાલભાઈ પોકાર, કાનજીભાઈ ગઢવી, ગોપાલભાઈ ગઢવી, પરેશ ભાનુશાલી, સાંધવ સરપંચ જયવીરસિંહ જાડેજા, ઉપસરપંચ મહમદ હિંગોરા, પૂર્વ સરપંચ પ્રતાપસિંહ સોઢા, કોઠારા હાઈસ્કૂલ પૂર્વ આચાર્ય પ્રભાતસિંહ જાડેજા, રાયચંદભાઈ જીવાણી, પદમભાઈ લોડાયા, ધનપતિ લોડાયા, નરેન્દ્ર શિયાલ, જીવરાજ નાગડા, ચંદ્રેશ વી. લોડાયા, ભરત વીકમશીએ શોભાવ્યું હતું.

ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશભાઇ જૈન, પ્રવીણભાઈ લોડાયા, કિરણભાઇ દંડ, વિપુલ પટેલ, વિરેન્દ્ર લોડાયાએ મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરી આવકાર આપ્યો હતો.

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા કચ્છનાં સાંધવ ગામે ૩૧મો સમૂહલગ્નોત્સવ

શ્રી જયેશભાઈ જૈને પ્રસંગ અનુરૂપ વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે, ગ્રુપ દ્વારા ૩૧મો સમૂહલગ્નોત્સવ ઉજવાઈ રહ્યો છે. ગ્રુપની એકતા અને સંગઠને ગ્રુપની પ્રગતિનાં સોપાન સર કરાવ્યા છે. ગ્રુપ દ્વારા ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, વૈદકિય અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. જેમાં સૌનો સાથ સહકાર મળ્યો છે. ગ્રુપે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી સમાજઉપયોગી પ્રવૃત્તિઓ કરી છે.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇનાં નવા પ્રમુખ તરીકે વિપુલ ઠાકરશીં લોડાયા તથા ઉપપ્રમુખ તરીકે વિરેન્દ્ર ભવાનજી લોડાયાનાં નામની જાહેરાત કરાતાં ઉપસ્થિત સૌએ હર્ષભેર વધાવી લીધેલ અને નવા વરાયેલા પ્રમુખ,ઉપપ્રમુખને અભિનંદન પાઠવેલ.

વિદાય સમારંભનું અધ્યક્ષસ્થાન અબડાસા વિસ્તારનાં ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ શોભાવેલ. નવા વરાયેલા ગ્રુપ અધ્યક્ષ શ્રી વિપુલ પટેલ તથા ઉપપ્રમુખ વીરેન્દ્ર લોડાયાએ આ પ્રસંગે મંચને શોભાવ્યું હતું.

શ્રી જયેશભાઈ જૈન તથા શ્રી પ્રવીણભાઈ લોડાયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં નવદંપતિઓને સુખી-સંસ્કારી-સમૃદ્ધ અને સ્નેહાળ દીર્ઘાયુ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, સમૂહલગ્નથી સમાજને મોટો ફાયદો થાય છે. સમાજ ખોટા ખર્ચથી બચે છે. તેઓશ્રીએ દાતાશ્રીઓની અંતરની ભાવનાઓને બિરદાવી હતી. અબડાસાનાં વિકાસમાં કોઇ કચાશ નહીં રહે. કોઈપણ પ્રશ્નોની રજૂઆત ગમે ત્યારે કરી શકો છો. તેવું જણાવ્યું હતું. શ્રી જયેશભાઈ જૈને વિદાયગીત રજૂ કરી કન્યાઓને પોતાની દીકરીની જેમ રાખવા સમજ પૂરી પાડી હતી.

આ પ્રસંગે વિવિધ દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ. ગ્રુપનાં નવા અધ્યક્ષ વિપુલ પટેલ, ઉપપ્રમુખ વિરેન્દ્ર લોડાયાએ સૌનાં સાથ સહકારની અપેક્ષા સહ જવાબદારી સોંપવા બદલ ગ્રુપનો આભાર માની આ ગ્રુપ અને તેની પ્રવૃત્તિઓને વટવૃક્ષ સમાન બનાવવા કોલ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન જયેશભાઈ જૈને જયારે આભાર દર્શન પ્રબોધ મુનવરે કરેલ. જમાઈ રાજને વીંટી તથા ઘડીયાળ પહેરવાનો ગ્રુપના ભાઈઓએ કરેલ અને બન્ને પક્ષના વડીલોએ પાનેતર તથા કળશીયો, વાટકો, બુંદીનો લાડુ સોપેલ. ત્યારબાદ ત્રણે દિકરીઓને વિદાય આપવામાં આવેલ અને ગ્રુપની બહેનોએ વિદાયના ગીતો ગાઈને વિદાય આપી હતી.

સવારના નવકારશી તેમજ બપોરના સર્વે જણ સાર્ધમિક ભક્તિનો લાભ આપેલ. બપોરના ચા-પાણી પછી રજા આપવામાં આવેલ. કન્યાદાનનું સામાન ટ્રાન્સપોર્ટમાં ફ્રી મોકલાવીને ઘર પહોંચ કરવામાં આવેલ. સાંધવ વથાણમાં નીલો રંજકો નાખવામાં આવેલ.

કોઠારા, પરજાઉ પાંજરાપોળમાં નીલી જુવાર નીરણ કરવામાં આવેલ. સુથરી, જખૌ, નલીયા, તેરા રૂા.૧૦,૦૦૦/- જીવદયામાં આપવામાં આવશે.

તા. ૧૫ ડિસેમ્બરના રોજ શ્રી સમૂહલગ્ન નિમિત્તે શ્રી વચ્છરાજ દાદા શ્રી લાલછત્તા પીર, શ્રી પંજોરાં પીર શ્રી સર્વે માતાજી દેવસ્થાન સર્વેઓની પેહડીપ્રસાદ કરેલ. પિતૃદેવોને જમાડીને યાદ કરવામાં આવેલ.





# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા કચ્છનાં સાંધવ ગામે ૩૧મો સમૂહલગ્નોત્સવ





તા. ૧૫ ડિસેમ્બર શુક્રવાર શ્રી સ્નાત્ર પૂજા તથા શ્રી પંચકલ્યાણક પૂજા અને પ્રભાવના રૂપિયા ૧૦/-. શ્રી સમૂહલગ્ન નિમિત્તે માતૃશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી ગામઃ સુથરી હાલઃ લોકાપુર તરફથી બપોરના ૩:૩૦ કલાકે પરમ પૂજ્ય શ્રી આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગરસુરિશ્વરજી મ.સા આદિઠાણા-૨ પધારતા સામૈયુ કરવામાં આવેલ.

પ્રભુજીની ભવ્યાતિભવ્ય અંગરચના કરવામાં આવેલ.

નાગલપુરથી મેહુલ ગાલા પધારેલ. ૨ દિવસના લાભાર્થી પરિવાર માતૃશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી સુથરી લોકાપુર દાતાશ્રી પરિવારની ખુબ ખુબ અનુમોદના.



રાત્રે દેરાસરજીમાં ભક્તિ ભાવના રાખવામાં આવેલ અને પ્રભુજીની સુંદર ભવ્યાતિભવ્ય અંગરચના કરવામાં આવેલ. રાત્રે શ્રી મહાકાળી માતાજીની ભાવના રાખવામાં આવેલ. તેમાં ૨ વરરાજા અને ૧ કન્યા હાજર રહેલ.

ભક્તિ ભાવનામાં, રઘુભા જાડેજા, ઉમેશ ખોના અમિતાબેન મોમાયા એ સારી એવી રમઝટ જમાવેલ.

જીવદયા પક્ષીઓને ચણ, કુતરાઓને રોટલા, દરેક પાંજરાપોળમાં જીવદયા કરવામાં આવેલ.

તા.૧૬ ડિસેમ્બર શનિવાર શ્રી સાંધવ નગરે શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા શ્રી સમૂહલગ્ન નિમિત્તે શ્રી સાંધવ નગરની વથાણમાં નીલો રજકો સૌ ગૌમાતાઓને નિરવામાં આવેલ.

દાતા પરીવાર માતૃશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી ગામઃ સુથરી હાલઃ લોકાપુર શ્રી સાંધવ નગરની નિયાણી બહેન ખુબ ખુબ

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા કચ્છનાં સાંધવ ગામે ૩૧મો સમૂહલગ્નોત્સવ

અનુમોદના.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા શ્રી સમૂહલગ્ન નિમિત્તે શ્રી કોઠારા ગામની પાંજરાપોળ ખાતે નીલી મકાઈ ૬૦ મણ સૌ ગૌમાતાઓને નિરવામાં આવેલ. તથા શ્રી પરજાઉ પાંજરાપોળ ખાતે પણ નીલી મકાઈ ૬૦ મણ નિરવામાં આવેલ.

દાતા પરીવાર એક સદગૃહસ્થ પરીવાર શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ ખુબ ખુબ અનુમોદના

જીવદયા... જીવદયા...જીવદયા

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા શ્રી સમૂહલગ્ન નિમિત્તે રૂપિયા ૧૦,૦૦૦/- ૧) જખૌ પાંજરાપોળ ૨) નલિયા પાંજરાપોળ ૩) સુથરી પાંજરાપોળ ૪) તેરા પાંજરાપોળ

આ સર્વે પાંજરાપોળમાં રોકડા =રૂપિયા ૧૦,૦૦૦/= મોકલાવવામાં આવશે. સૌ ગૌમાતાના ચારો માટે.

શ્રી સમૂહલગ્નના સમયે કન્યા પક્ષને પાનેતર તેમજ ખોભાનો છાલ (પાનેતર) સાચા હીરાના કાનફલ સોંપતા શ્રી શાંતિજીન ગ્રુપના ભાઈ બહેનો તરફથી સોપવામાં આવેલ.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપનાં ભાઈ-બહેનો વિપુલ પટેલ, વીરેન્દ્ર લોડાયા,કિરણ દંડ, પ્રબોધ મુનવર, વીરચંદ ખોના, પ્રવીણ મોતા, અરવિંદ લોડાયા, પ્રકાશ લોડાયા, મિલન ધરમશી, ચંદ્રેશ લોડાયા, ભરત વિક્રમશી, ચંદ્રેશ સોની, હિતેશ પટેલ, હેમંત મોતા, રાજેશ દંડ, મુકેશ દંડ, નીતિન ધરમશી, દર્શક મૈશેરી, મનોજ ગાલા, ભગુભા ગોહિલ, શરદ દંડ- શેવગામ, મનીશ પીર, ચાંપશી ધુલ્લા, અભિષેક લોડાયા, ખીમજી લોડાયા, રાજેશ પટેલ, મધુકર લોડાયા, રઘુભા જાડેજા, પંકજ ડાઘા, ઉમેશ ખોના, સુરેશ દંડ, મણિલાલ ખોના, મંગલ લાલકા, દિનેશ મોતા, દિનેશ મૈશેરી, ચેતન ખોના, મહેશ મોતા, કૃણાલ ડાઘા, બોધીયા ગઢવી, મનોજ ધ્રોળ, રાયામ ગઢવી અને મહેશ નાગડા, જયાબેન મુનવર, વિજયાબેન પટેલ, રસીલાબેન ખોના, અમિતાબેન મોમાયા, ઈલાબેન ખોના, જયાબેન સોની, નયનાબેન મોતા, નયનાબેન ખોના, જાગૃતિબેન મૈશેરી, ગીતાબેન લોડાયા, કાન્તાબેન લોડાયા, ગુણવંતીબેન મોતા, મીનાબેન દંડ, જયોત્સનાબેન દંડ, રેખાબેન લોડાયા, ભારતીબેન છેડા, મીનાબેન ખોના.

સમૂહ લગ્નમાં પધારેલા ગામે ગામથી જાનેયા-માનેયા-ગ્રુપનાં ભાઈ બહેનો, આમંત્રણને માન આપી, આમંત્રિક મહેમાનો, સાંધવ વાશીઓ ૮૫૦ જણાની સંખ્યામાં પધારેલા સાંધવ ગામનાં મુંબઈથી શામજીભાઈ દંડ, નવીનભાઈ લોડાયા, રાયચંદભાઈ દંડ, લક્ષ્મીચંદભાઈ દંડ અમદાવાદથી ચંદ્રકાન્ત લોડાયા, અમદાવાદથી લલિતભાઈ ખોના, ગાંધીધામથી લહેરચંદભાઈ ખોના, દિલીપ લોડાયા, વાપીથી પ્રકાશ પટેલ, મુંબઈથી કીર્તિ ધરમશી, સુરેશ લોડાયા, પદ્મભાઈ લોડાયા ડોંબિવલી, નરેન્દ્ર શિયાળ દલતુંગી, જીવરાજ નાગડા રંગપુર, કિરીટ લોડાયા મોટી ખાવડી, રાયચંદ જીવાણી, માલતીબેન ધરમશી, હીરાચંદ મોમાયા જલગામ, વડોદરાથી લહેરચંદભાઈ મૈશેરી, લાતુરથી લલિતભાઈ માલદે, સાંધવના સરપંચ જયવીરસિંહ જાડેજા, ઉપસરપંચ મોહમ્મદ હિંગોરા, માજી સરપંચ પ્રતાપ સોઢા, માજી સરપંચ હુસેન હિંગોરા ચિતોડગઢ, (રાજ.), નાંદેડ, અંકલેશ્વર, અમદાવાદ, મુંબઈ, હુબલી, દાવનગીરી, સેવગાંવ, જલગાવ, વડોદરા, વાપી, મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી, દલતુંગી, ભરૂડીયા, રંગપુર, મુન્દ્રા, નલિયા, ગાંધીધામ, ભુજ, શુથરી, વરાડીયા, મંજલ રેલડીયા, સાંધાણ, માંડવી, કોટાયા, આરીખાણા, જખૌ, વારાપદ્ધર, રાપર ગઢવારી, બાંઢીયા, વગેરે ગામે ગામથી પધારેલ.

બ્યૂટીશનની સેવા આપેલ જીજ્ઞા મોતા નલિયા, ભાવનાબેન મુકેશ મોતા નલિયા, કોઠારાનાં હુસેન હિંગોરા સ્ટાફ, મંડપ ડેકોરેશનવાળા, સંગીતકાર કિશોર શણગાર, મનન સાઉન્ડ સીસ્ટમ તથા દિપેશ મુનવર, ભુજ સર્વ જણાની ખુબ ખુબ અનુમોદના.

**આવતા વર્ષે ૨૦૨૪, તા.૧૫ ડિસેમ્બરના સમૂહ લગ્ન રાખવામાં આવેલ છે.**

**શ્રી કચ્છી દશા ઓશવાળ સાંધવ જૈન જ્ઞાતિ મહાજનનું ખૂબ ખૂબ અમો આભારીએ છીએ.**

જાનૈયા-માનૈયા તથા આમંત્રણને માન આપી સમૂહ લગ્નમાં પધારેલ સર્વેનું શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ ખૂબ આભારી છે.

સમૂહ લગ્ન દાતાશ્રી તેમજ કન્યાદાનના દાતાશ્રીઓની ખૂબ ખૂબ અનુમોદના.

# કન્યાદાનના દાતાશ્રીઓની નામાવલી

| કન્યાદાનમાં આપેલ વસ્તુનું નામ | દાતાશ્રીઓના નામ | ગામ | હાલ નિવાસી |
|---|---|---|---|
| પાનેતર સેટ ચણીયાચોલી | સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર | કોઠારા | મુલુંડ |
| ઘરચોડો (ખાંભાનું છાલ-સેટ) | માતુશ્રી તારાબેન રાયચંદ ધનજી દંડ<br>હ.કુ.કવિતા રાયચંદ દંડ | પરજાઉ | અમદાવાદ |
| મોચી વર્ક સાડી (પૂજા માટે) | માતુશ્રી હંસાબેન હિરાચંદ અરજણ પટેલ | બાંઢીયા | એરોલી |
| બનારસી સાડી (સ્વાગત સામૈયા) | માતુશ્રી સોનબાઈ મુલજી મોમાયા | સાંયરા | મુંબઈ |
| સાચા હીરાનાં કાનફુલ | સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી ધરમશી | કોઠારા | મુંબઈ |
| | માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ | સાંધવ | મુંબઈ |
| | માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા | નલિયા | મુલુંડ |
| સાચા હીરાનું રોઝ | ચિ.પિયાંશી, પ્રિશા, દેવાંશી, દિશા, દેવ લોડાયા પરિવાર | સાંધવ | મુલુંડ |
| સાચા હીરાનું નાકની શરી | માતુશ્રી નિર્મલાબેન જગદીશ કાનજી ધરમશી | તેરા | ઘાટકોપર |
| સોનાની ચેન તથા સોનાનો પેંડલ | શ્રીમતી નવલબેન ભાણજી માણેક પાસડ<br>હ. જયશ્રી મહેન્દ્ર પાસડ અને પ્રીતી પ્રફુલ પાસડ | શેરડી | મુલુંડ |
| સોનાની વીટી (જમાઈરાજ માટે) | માતુશ્રી તારાબેન રાયચંદ ધનજી દંડ<br>હ. કુ. કવિતા રાયચંદ દંડ | પરજાઉ | અમદાવાદ |
| સોનાનું વીટી (કન્યા માટે) | શ્રી ગુલાબચંદ ત્રિકમજી નાગડા | રંગપુર | મુલુંડ |
| સોનાનું પેંડલ (કન્યા માટે) | મે. સુવર્ણ પ્લાઝા | મુલુંડ | મુંબઈ |
| ચાંદીનો ઝુડો | શ્રી મણીલાલ માલશી લોડાયા | સાંધવ | લોકાપુર |
| ચાંદીનું શ્રીફળ | અ.સૌ. ધનલક્ષ્મીબેન ખુશાલ ધનજી મૈશેરી | નાનીસિંઘોડી | વાપી |
| ચાંદીનો પગ્રામનો સીક્કો | અ.સૌ. કલ્પનાબેન શામજી નરશી દંડ | સાંધવ | મુલુંડ |
| ચાંદીના શ્રી ગણેશજીની મૂર્તિ | અ.સૌ. કલ્પનાબેન શામજી નરશી દંડ | સાંધવ | મુલુંડ |
| ચાંદીની શ્રી લક્ષ્મીજીની મૂર્તિ | અ.સૌ. કલ્પનાબેન શામજી નરશી દંડ | સાંધવ | મુલુંડ |
| ચાંદીની ગાય | માતુશ્રી ધનલક્ષ્મીબેન ખુશાલ ધનજી મૈશેરી | નાનીસિંઘોડી | વાપી |
| ચાંદીનો છત્ર | માતુશ્રી ધનલક્ષ્મીબેન ખુશાલ ધનજી મૈશેરી | નાનીસિંઘોડી | વાપી |
| ચાંદીના શ્રી ગણેશજી અને લક્ષ્મીજી | શ્રી.ડી.પી.ઝવેરી | મુંબઈ | મુંબઈ |
| ચાંદીની કંકાવટી | શ્રી પંકજ રામજી દંડ | સેવકભરૂડીયા | ચિતોડગઢ |
| | શ્રી દિપક લક્ષ્મીચંદ ખોના | મોટીખાવડી | મોટીખાવડી |
| ચાંદીની દિવી | એક સદગ્રહસ્થ પરિવાર | કચ્છ | મુંબઈ |
| ચાંદીની પુજાની વાટકી | એક સદગ્રહસ્થ પરિવાર | કચ્છ | મુંબઈ |
| ચાંદીની અગરબત્તી સ્ટેન્ડ | એક સદગ્રહસ્થ પરિવાર | કચ્છ | મુંબઈ |
| દુલ્હન સેટ (ચોકર હાર, નેકલેસ, બુટીયા, આમ્રપાલી, નથડી, કદનો પંજો-૨, ધમણી, ટીકો, પાસા) | શ્રી ગુલાબ ધનજી દંડ | પરજાઉ | અમદાવાદ |
| કુંદન સેટ (હાટ, બુટી, ૨ પાટલા) | શ્રી ગુલાબ ધનજી દંડ | પરજાઉ | અમદાવાદ |
| રજવાડી મોતી સેટ (વીટી, નેકલેસ, ૨-પાટલા, એરિંગ) | શ્રી ગુલાબ ધનજી દંડ | પરજાઉ | અમદાવાદ |
| અમેરીકન ડાયમંડ સેટ (નેકલેસ, બ્રેસલેટ, બુટીયા, વીટી) | અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા | સાંધવ | ઘાટકોપર |
| ફેન્સી એન્ટીક પેન્ડલ બુટીસેટ | માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ | સાંધવ | મુલુંડ |
| મંગળસુત્ર (એન્ટીક) | માતુશ્રી જયવંતીબેન વાલજી દંડ | પરજાઉં | નાહુર |
| ૧ ગ્રામ ઝુડો | માતુશ્રી કસ્તુરીબેન ખેતશી શિયાળ | જખૌ | અમદાવાદ |
| સ્ટીલ કબાટના રોકડા રૂા.૨૫૦૦/- | માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પીર | સુથરી | મુલુંડ |
| જમાઈરાજ માટે સેરવાની, મોઝડી, સાફો, દુપ્પટો | અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા | સાંધવ | ઘાટકોપર |
| વરરાજા માટે ફેન્સી મોતીની ત્રણસરવારી માળા | અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા | સાંધવ | ઘાટકોપર |

# કન્યાદાનના દાતાશ્રીઓની નામાવલી

| કન્યાદાનમાં આપેલ વસ્તુનું નામ | દાતાશ્રીઓના નામ | ગામ | હાલ નિવાસી |
|---|---|---|---|
| જમાઈ રાજ માટે પુજાની જોડી, રક્ષા પોટલી | અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા | સાંધવ | ઘાટકોપર |
| જમાઈ રાજ માટે પેન્ટ શર્ટ | માતુશ્રી નિર્મલાબેન મુકેશ મોમાયા | વરાડીયા | લોનાવલા |
| મોટી રજાની પટોડા સાડી | માતુશ્રી બાંયાબાઈ શામજી મોતા | વરાડીયા | લોનાવલા |
| વેવાણશ્રીની સાડી | માતુશ્રી સોનબાઈ મુલજી મોમાયા | સાંયરા | મુલુંડ |
| ફેન્સી પંજાબી ડ્રેસ | માતુશ્રી સોનબાઈ મુલજી મોમાયા | સાંયરા | મુલુંડ |
| સીક્વંસ વર્ક પંજાબી (વર્કવાળા) | માતુશ્રી કસ્તુરીબેન પદમશી દંડ | વિદ્યાવિહાર | પરજાઉં |
| આરીવર્ક પંજાબી | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | બાંડિયા | અમદાવાદ |
| ફેન્સી પંજાબી ડ્રેસ (વર્કવાળા) | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | બાંડિયા | અમદાવાદ |
| ફેન્સી પંજાબી ડ્રેસ | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | બાંડિયા | અમદાવાદ |
| ફેન્સી પંજાબી ડ્રેસ | માતુશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી | લોકાપુર | સુથરી |
| કન્યા માટે શાલ | માતુશ્રી કસ્તુરીબેન ખેતશી શિયાળ | જખૌ | અમદાવાદ |
| વેવાઈશ્રીની શાલ | માતુશ્રી કસ્તુરીબેન ખેતશી શિયાળ | જખૌ | અમદાવાદ |
| હથુંગણારૂમાલ | શ્રી પ્રવિણભાઈ મનસુખલાલ વસા | મુલુંડ | મુંબઈ |
| ચોરીમાટે હસ્તમેળાપ રૂમાલ | શ્રી પ્રવિણભાઈ મનસુખલાલ વસા | મુલુંડ | મુંબઈ |
| પુજાનાં રૂમાલ જમાઈરાજ તથા કન્યા માટે | શ્રી પ્રવિણભાઈ મનસુખલાલ વસા | મુલુંડ | મુંબઈ |
| ખરખરી-૨ | શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ | મુંબઈ | મુંબઈ |
| લુણગરી કવર (રૂમ.૨૫૦) | શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | બાંડિયા | અમદાવાદ |
| બાથ ટુવાલ સેટ (લેડીઝ) | શ્રી શૈલેશ સુધાકર યાજ્ઞિક | વાશી | ઈંદૌર |
| બાથ ટુવાલ સેટ (જેન્ટસ) | શ્રી શૈલેશ સુધાકર યાજ્ઞિક | વાશી | ઈંદૌર |
| નેપકીન નંગ-૨ | શ્રી શૈલેશ સુધાકર યાજ્ઞિક | વાશી | ઈંદૌર |
| કન્યા માટે ઘડીયાલ | શ્રી વિરચંદ નરશી લોડાયા | રાપરગઢવારી | મુલુંડ |
| જમાઈરાજ માટે ઘડીયાલ | શ્રી ગુલાબ ડુંગરશી ધરમશી | સાંધાણ | મુલુંડ |
| જર્મન સીલ્વરનું કળશીયો-વાટકો | શ્રી ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા | ગોએરસમા | ડોંબિવલી |
| ગોલ્ડન સીલ્વરનું કળશ | માતુશ્રી જયાબેન ચત્રભોજ દંડ | મંજલ રેલડીયા | ભાંડુપ |
| જર્મન ગોલ્ડન થાળી પુજા માટે | માતુશ્રી જયાબેન ચત્રભોજ દંડ | મંજલ રેલડીયા | ભાંડુપ |
| જર્મન ગોલ્ડન પુજા વાટકી | માતુશ્રી જયાબેન ચત્રભોજ દંડ | મંજલ રેલડીયા | ભાંડુપ |
| ગોલ્ડન સીલ્વરની ચામર | માતુશ્રી જયાબેન ચત્રભોજ દંડ | મંજલ રેલડીયા | ભાંડુપ |
| ગોલ્ડન સીલ્વરનું વીઝણું | માતુશ્રી જયાબેન ચત્રભોજ દંડ | મંજલ રેલડીયા | ભાંડુપ |
| ગોલ્ડન સીલ્વરનું દર્પણ | માતુશ્રી જયાબેન ચત્રભોજ દંડ | મંજલ રેલડીયા | ભાંડુપ |
| ગોલ્ડન સીલ્વર ધુપ, સ્ટેન્ડ | માતુશ્રી જયાબેન ચત્રભોજ દંડ | મંજલ રેલડીયા | ભાંડુપ |
| ગોલ્ડન સીલ્વર ઘંટડી | માતુશ્રી જયાબેન ચત્રભોજ દંડ | મંજલ રેલડીયા | ભાંડુપ |
| સામાયીક સેટ (પોંચણુ, મોપત્તી, ચરવડો, સ્થાપનાજી, નવકારવાળી) | અ.સૌ. ગીતાબેન વિનોદ ડાઘા | વરાડીયા | મુલુંડ |
| ફેન્સી તોરણ | અ.સૌ. વિજયાબેન દિનેશ કેશવજી લોડાયા | આરીખાણા | ઠાકુર્લી |
| મોતીની હિંડોળી શ્રીફળ | અ.સૌ. વિજયાબેન દિનેશ કેશવજી લોડાયા | આરીખાણા | ઠાકુર્લી |
| પુજાની સામગ્રી (બ્રાશ, કપુર, વાક્ષેપ, ધ્રુપશળી, બાદલો, ગરણી, નળથેલી, બદામ, કાપુસ, પુંજણી) | શ્રી નવકાર જૈન ઉપકરણ ભંડાર | મનફરા | મુંબઈ |
| રૂમાલ ડિઝીટલ નં.૬ | માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી હ.મિલનભાઈ | નાનીસિંધોડી | રાયપુર |
| લેડીઝ એમ્બ્રોડરી રૂમાલ-૬ | માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી હ.મિલનભાઈ | નાનીસિંધોડી | રાયપુર |
| લેડીઝ પ્રિન્ટેડ રૂમાલ-૧૨ | માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી હ.મિલનભાઈ | નાનીસિંધોડી | રાયપુર |
| લેડીઝ ક્રોસીઓ રૂમાલ-૧૨ | માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી હ.મિલનભાઈ | નાનીસિંધોડી | રાયપુર |
| ફેન્સી છાબ | એક સદગૃહસ્થ પરિવાર | મુંબઈ | મુંબઈ |

# કન્યાદાનના દાતાશ્રીઓની નામાવલી

| કન્યાદાનમાં આપેલ વસ્તુનું નામ | દાતાશ્રીઓના નામ | ગામ | હાલ નિવાસી |
|---|---|---|---|
| રામણદીવો | શ્રીમતી સરોજબેન/જ્યોતીબેન મયુર વિજય વોરા | જામનગર | જામનગર |
| વુડન મંદિર (રોકડા રૂા.૫૦૦/-) | શ્રી દિલીપ હરીશ ઠક્કર | મુંબઈ | મુંબઈ |
| શ્રી શાંતિનાથ દાદાની ફોટો ફ્રેમ | શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ | મુંબઈ | મુંબઈ |
| શ્રી વાછરાદાદાની ફોટો ફ્રેમ | શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ | મુંબઈ | મુંબઈ |
| શ્રી ઘંટાકર્ણ મહાવીરની ફોટો ફ્રેમ | એક સદગૃહસ્થ પરિવાર | મુંબઈ | મુંબઈ |
| શ્રી સાંઈબાબાની લેમીનેટેડ ફોટો ફ્રેમ | મે.ઈન્ડીયન આર્ટ સ્ટુડીઓ | કાલબાદેવી | મુંબઈ |
| દીકરીનો અમુલ્ય ફોટો ફ્રેમ | મે. ચંદ્રા ડિઝીટલ | દેઢિયા | ડોંબિવલી |
| વોલ ક્લોક | શ્રી દિલીપભાઈ ઠક્કર | ભુજ | મુંબઈ |
| પીતળનો ધુપેડો | માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા હ.કીંજલ બ્યુટીશિયન | મોટીખાવડી | ઘાટકોપર |
| પીતળનો અખંડ જ્યોત | માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા હ.કીંજલ બ્યુટીશિયન | મોટીખાવડી | ઘાટકોપર |
| પીતળનો દીવી | માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા હ.કીંજલ બ્યુટીશિયન | મોટીખાવડી | ઘાટકોપર |
| તાંબાનો કળશીયો | માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા હ.કીંજલ બ્યુટીશિયન | મોટીખાવડી | ઘાટકોપર |
| પુજા ફેન્સી બેગ | માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા હ.કીંજલ બ્યુટીશિયન | મોટીખાવડી | ઘાટકોપર |
| પુજાનો બટુવા | માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા હ.કીંજલ બ્યુટીશિયન | મોટીખાવડી | ઘાટકોપર |
| બટુઓ કોશીઓ | અ.સૌ. પ્રિતીબેન પ્રકાશ માણેકજી લોડાયા | સાંધવ | થાણા |
| બેંગલ બોક્સ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| ટ્રાવેલીંગ બોક્સ નંગ ૨ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| જવેલરી પાઉંચ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| શુકવર | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| ટ્રાવેલીંગ પાઉચ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| પેટીકોટ પાઉચ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| રૂમાલ પાઉચ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| ઘડી કવર | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| બંગળી પાઉચ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| સેલા કવર | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| બિંદી પાઉચ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| ગારમેન્ટ પાઉચ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| ફેન્શી સાડી કવર | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| ફેન્સી બ્લાઉઝ કવર | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| મેકઅપ પાઉચ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| ફેન્સી બટુવા | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| જેન્ટસ્ પર્સ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| લેડીઝ શોપીંગ બેગ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| સ્લીંગ પટોડા પાકિટ | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
| લેડીઝ પાર્ટીવેઅર બટુવો | અ.સૌ. શશિકલાબેન જિતેંદ્ર ખોના | આરીખાણા | અમદાવાદ |
